અંગત પ્રકાશન માટે

ECHOES INDIA

શ્રી રામચંદ્ર મીશન®

મે 2014 વર્ષ 7, અંક 3

# પૂજ્ય બાબુજી મહારાજનો 115મો જન્મોત્સવ – 29–30 એપ્રિલ અને 1લી મે–2014






## ડી જે પાર્ક, તિરુપુર

ઉત્સવ માટેની તૈયારીઓ અઠવાડિયાંઓ અગાઉથી શરૂ થઈ ગઈ હતી. પ્રસંગ પહેલાં શનિ–રવિવારના દિવસોથી, અભ્યાસીઓ જેવા સ્થળ ઉપર આવવા લાગ્યા, વાતાવરણ એક જાતના આનંદ અને અપેક્ષામાં બદલાવા લાગ્યું હતું.

### મેડિટેશન હોલમાં

મેડિટેશન હોલને ઉત્સાહપૂર્વક શણગારવામાં આવ્યો હતો અને બાબુજી મહારાજનો વિશાળ ફોટો મંચ ઉપર મૂકવામાં આવ્યો હતો. હોલમાં મૂકવામાં આવેલા વિશાળ એલસીડી પડદાઓને લીધે ત્યાં બેઠેલા દરેક જણે કાર્યક્રમને નજીકથી માણ્યો હતો. શરીરમાં પાણીની કમીને અટકાવવા માટે અભ્યાસીઓને પૂરતા પ્રમાણમાં પાણી પીવાની આપવામાં આવેલી સલાહ મુજબ સ્વયંસેવકો પીવાનું પાણી પૂરું પાડતા હતા.

પૂજ્ય માસ્ટર તેમના સ્વાસ્થ્યને કારણે ચેન્નાઈમાં રહેવાના હોવાથી, ત્રણ દિવસના ઉત્સવ દરમિયાન કમલેશભાઈએ આઠ સત્સંગ કરાવ્યા હતા. સત્સંગો ચેતનાસભર હતા અને ભંડારામાં હાજર રહેલા લગભગ 15000 અભ્યાસીઓના અનુભવને ગહન બનાવ્યો હતો. 29મી એપ્રિલે, સત્સંગ પછી, માર્ચ 2014માં પ્રાપ્ત થયેલા




વ્હીસ્પર્સના કેટલાક વિશેષ સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. આ સંદેશાઓ માસ્ટરના ઉત્તરાધિકારી તરીકે કમલેશભાઈને પૂરેપૂરું અનુમોદન અને સમર્થન આપતા હતા.

29મીની સવારે, બાળકોએ ઘણાં નવાં પ્રકાશનો બહાર પાડ્યાં હતાં. ત્યાર પછી કમલેશભાઈ, ‘કમ્પ્લીટ વર્ક્સ ઓફ રામચંદ્ર, વોલ્યુમ–4’ વિષે અને તે લોકો માટે કે જેઓએ બાબુજીએ અભ્યાસીઓને લખેલા પત્રો અને અસંખ્ય એવા









" બાબુજી મહારાજ આપણે અચૂકતાથી, માર્ગ પરથી ફંટાયા વગર, આ સંદેશાઓ પ્રત્યે અટલ શ્રધ્ધાપૂર્વક, પોતાની જાતમાં શ્રધ્ધા રાખીને, સમગ્ર માનવ સમાજ પ્રત્યે પ્રેમ સહિત, સમગ્ર જીવન પર્યંત પ્રેમમાં વૃધ્ધિ પામીને માર્ગને અનુસરવાના આશીર્વાદ આપણને આપે એ જ પ્રાર્થના."

પી. રાજગોપાલાચારી

લેખો કે જે અગાઉ માત્ર હિંદીમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા, તે બધાનું આ પુસ્તકમાં સંકલન કરવામાં યોગદાન આપ્યું હતું તેમના વિશે બોલ્યા હતા. અતિશય ગરમી હોવા છતાં, કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધી અભ્યાસીઓ હોલમાં જ રહ્યા હતા.

30મીએ સવારે 6.00 વાગ્યાના સત્સંગ પછી કમલેશભાઈએ છ લગ્નો કરાવ્યાં હતાં. ટૂંકા વિરામ પછી ચેન્નાઈથી વિડિયો લીંક દ્વારા માસ્ટર પડદા ઉપર દેખાયા હતા. જીવંત પ્રસારણથી માસ્ટરની પૌત્રી, માધુરી ક્રિષ્નાએ વાંચેલો વ્હીસ્પર્સનો સંદેશ અને માસ્ટરે આપેલું વકતવ્ય ત્યાં હાજર રહેલા દરેક જણે પ્રત્યક્ષ નિહાળ્યું હતું. એ જ લીંક દુનિયાભરનાં એસઆરસીએમનાં બધાં જ કેન્દ્રો પર ઉપલબ્ધ હતી.

30મીની સાંજે, દિવસે તીવ્ર ગરમી હોવા છતાં ઠંડા પવનની લહેર આપી હતી, બહેન રંજનાના ભજનોએ દરેકને માસ્ટરના સતત સ્મરણમાં રાખ્યા હતા.

**અન્ય પ્રવૃત્તિઓ**

ઝેડઆઈસીઓ, સીઆઈસીઓ અને આશ્રમ મેનેજરો માટે મિટીંગ રાખવામાં આવી હતી અને બીજી વિવિધ ટીમો અને સ્વયંસેવકો માટે પણ કે જેથી તેઓ મળી શકે અને જે કાર્ય સાથે સંકળાયેલા છે તેના વિષે ચર્ચા કરી શકે.









બાળકો અને યુથ સેન્ટરે વય પ્રમાણેનાં ત્રણ જૂથો માટે જરૂરી વસ્તુઓ પૂરી પાડી હતી અને બાળકોને વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રાખ્યાં હતાં. જગ્યાને 8000થી પણ વધારે ઝગમગતા રંગોના કાગળમાંથી બનાવેલી 'પીસ ક્રેન્સ' આકૃતિઓથી શણગારવામાં આવી હતી. કમલેશભાઈને નવાં પ્રકાશનોનું વિમોચન કરવામાં મદદ કરવા માટે તેમની જુદી જુદી ભાષામાં કેટલાંક બાળકોને લકી ડ્રો દ્વારા પસંદ કરવામાં આવ્યાં હતાં. ભંડારા દરમિયાન લગભગ 2500 બાળકોની નોંધણી થઈ હતી.

હંમેશ મુજબ વિશાળ કેન્ટિન ઉપરાંત વધારામાં અભ્યાસીઓને લાંબા અંતરો સુધી ચાલવું ન પડે એ માટે તે વિસ્તારમાં બીજા ત્રણ મંડપો બાંધવામાં આવ્યા હતા. ડાઈનીંગ હોલ, રહેવા માટેના તંબુઓ, 'હિસ્ટરી' પ્રદર્શિત કરવા માટે સ્ટોલ્સ, ફોટો ગેલેરી, ટી-શર્ટ્સનાં વેચાણ વગેરે ભંડારાની સરળ કાર્યવાહીમાં સગવડ કરી આપવા માટે બાંધકામના જુદા જુદા વિભાગ પાડ્યા હતા. માસ્ટરના કોટેજની બહાર બનાવવામાં આવેલા સાયલન્ટ ઝોને માસ્ટરના સતત સ્મરણ માટે યોગ્ય વાતાવરણ સર્જ્યું હતું.











**વક્તવ્યો**

કમલેશભાઈએ ભંડારા દરમિયાન સંમેલન સમક્ષ ત્રણ વખત વક્તવ્યો આપ્યાં હતાં. નિયમિત અભ્યાસ કરવાની જરુરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો અને બાબુજી મહરાજના ઉપદેશોનું વારંવાર પુનરાવર્તન કર્યું હતું. 1લી મેના રોજ આપેલા સમાપનના વક્તવ્યમાં તેમણે કહ્યું હતું કે ઉન્નતિની ગતિને ધીમું પાડતું એક કારણ ઈચ્છા જ છે અને કહ્યું હતું કે ધ્યાન અને સતત સ્મરણના અભ્યાસ દ્વારા આપણે એવી અવસ્થા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ કે જેમાં ઈચ્છાઓ આપણી ઉપર અસર કરી ન શકે. આ સમારંભને ભવ્ય ઉત્સવ બનાવવામાં જેમણે મદદ કરી હતી તે બધા જ કો–ઓર્ડિનેટર્સ અને સ્વયંસેવકોનો આભાર માનતાં તેમણે કહ્યું હતું, " એ બધા જ આત્માઓ કે જે અનામી રહે છે, તેમણે વિશ્વાસ રાખવો જોઈએ કે તેમની નિયતિ 'તેમના' પ્રેમાળ હૃદયમાં સારી રીતે પકડમાં આવી ગઈ છે."

## મણપાક્કમમાં

મણપાક્કમમાં 3500 કરતાં પણ વધારે અભ્યાસીઓ હાજર હતા. મેડિટેશન હોલનું પ્રવેશદ્વાર રંગોળી અને ફૂલોથી માંગલિક ઢબે શણગારવામાં આવ્યું હતું. 29– 30મી એપ્રિલ અને 1લી મે દરમિયાન માસ્ટરે મેડિટેશન હોલમાં સત્સંગ કરાવ્યો હતો. તેઓ દિવસ દરમિયાન વિવિધ દેશોમાંથી આવેલા અભ્યાસીઓને મળ્યા હતા.

30મીએ સવારે 6.00 વાગે માસ્ટરે કોટેજમાં પ્રસાદ વહેંચ્યો હતો. તેઓ તેજસ્વી અને ઉત્સાહી જણાતા હતા. સત્સંગ પછી, તિરુપુર ખાતે યોજવામાં આવેલા ભંડારા સાથે વિડિયો દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. 30મી એપ્રીલનો વ્હીસ્પર્સનો સંદેશ માધુરી ક્રિષ્નાએ વાંચી સંભળાવ્યો હતો, તે પછી સ્વયં માસ્ટર બોલ્યા હતા. તાજેતરના વ્હીસ્પર્સના સંદેશઓનો ઉલ્લેખ કરતાં, મિશનના અવિરતપણે ચાલુ રહેવાના અનુસંધાનમાં વારંવાર ખાતરી આપતાં તેમણે કહ્યું હતું કે આપણો મતલબ આપણે ફક્ત વર્તમાન સાથે રાખવો જોઈએ અને ભવિષ્યને ભવિષ્ય પર છોડી દેવું જોઈએ. તેમણે કહ્યું, " હું ફરીથી કહું છું, આપણે આપણને મળેલા આ સમયનો, જેમાં આપણે છીએ, જેમાં પ્રકૃતિએ આપણને મુક્યા છે લાભ લેવાનો છે, મિશનની આજની જે સ્થિતિ છે તેની જે તક આપણને આપી છે તેનો અમલ કરી, તે આપણને જે કંઈપણ ફાયદાઓ આપે તેની સાથે અને અડગ બનીને સર્વેજન પ્રત્યે પ્રેમ રાખીને, કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર, નફરત વગર, ટીકા કર્યા વગર આગળ વધો. આ બધી બાબતો વિશે બોલવું ઘણું સહેલું છે પણ તેને વ્યવહારમાં મૂકવું એનાથી પણ વધારે મુશ્કેલ છે." તે પછી માસ્ટરે બહેન મંદાના સાથે જન્મદિનની કેક કાપી અને બાબુજી મહારાજને ધરાવી હતી.

> " જો આપણે ઉન્નતિ કરી રહ્યા હોય, તો અહીં પણ આપણી ઉન્નતિ થવી જ જોઈએ. તેની શરુઆત અહીંથી થાય છે અને તેનો અંત ત્યાં થાય છે. અને તેની શરુઆત કેવી રીતે થાય છે? આપણાં હૃદયોમાં હળવાશમાં વધારો કરીને, કોઈપણ જાતનો પૂર્વગ્રહ રાખ્યા વગર, નફરત રાખ્યા વગર, વધારેને વધારે મનુષ્યોને અપનાવવા માટેનું વલણ આપણી અંદર વધારીને."
>
> –પી.રાજગોપાલાચારી





## માણપાક્કમ ખાતેથી સમાચાર

## ફેબ્રુઆરી 2014

### માસ્ટર "ગાયત્રી" ખાતે: 5–14 ફેબ્રુઆરી

5મી તારીખે, તિરુવલ્લુરની જમીન ઉપર તબીબી કેંન્દ્રનું બાંધકામ શરૂ કરવાનું આયોજીત થયું હતું. માસ્ટર મુસાફરી કરી શકે તે હાલતમાં ન હતા. તેથી તેમણે પોતાના બદલે, કમલેશભાઈ અને ભાઈ પી.આર. કૃષ્ણાને મોકલ્યા હતા. સવારે આશરે 11 કલાકે માસ્ટર મોલમાં ગયા અને ત્યાં થોડો નાસ્તો ખરીદીને તેમના પરિવારને આશ્ચર્ય પમાડવા "ગાયત્રી" પહોંચી ગયા. તેમણે આશ્રમ પાછા ફરવાનું નક્કી કરી રાખ્યું હોવા છતાં પોતાનું આયોજન બદલ્યું અને "ગાયત્રી" ખાતે રોકાઈ જવાનું નક્કી કર્યું.

### કાનપુર આશ્રમના બાંધકામનું ઉદ્ઘાટન, રવિવાર, 9 ફેબ્રુઆરી.

માસ્ટર ખૂબ વહેલા તૈયાર થઈ ગયા હતા, છતાં હજી તેમને પોતાની તબીયત ઠીક લાગતી નહોતી. તેમ છતાં, તેમણે વીડીઓ લીન્ક ઉપર અભ્યાસીઓનું અભિવાદન કર્યુ અને અભ્યાસીઓએ પણ પ્રેમ અને ઉષ્મા સભર પ્રતિસાદ આપ્યો. લગભગ તરત જ માસ્ટર પ્રફૂલ્લીત થઈ ગયા અને ત્યાં એકત્રીત થયેલા અભ્યાસીઓને સંબોધન કર્યું. તેમણે પાયાના ચણતરમાં ઈંટો મૂકવા વિષે અને વગેરે બીજી સૂચનાઓ આપી. પરિયોજનાની વિસ્તૃત માહિતી માગીને તેમણે તે વિષે વાતચિત કરી અને ત્યાર બાદ કહ્યું, "હું અહીંથી સત્સંગ શરૂ કરીશ અને તમે ત્યાં ધ્યાન શરૂ કરજો." આ પછી, "ગાયત્રી"ના ખંડમાં આવ્યા અને ત્યાં એકત્રિત થયેલા અભ્યાસીઓ સાથે સત્સંગ શરૂ કર્યો. તે એક કલાક લાંબો સત્સંગ હતો અને ત્યારે બાદ માસ્ટર થાકી ગયા અને આરામ કરવા અંદર જતા રહ્યા.

આ દરમ્યાન, આશ્રમમાં કમલેશભાઈએ કેટલાક લગ્નો સંપન્ન કર્યા.



### યુરોપીયન પ્રશિક્ષકોનો પરિસંવાદ 15–20 ફેબ્રુઆરી 201

માસ્ટર 15મીએ ઉદ્ઘાટન સત્રને શરૂ કરવા મણાપાક્કમ ખાતે આવ્યા. તેમણે "ડોરમેટરી એ"માં કે જ્યાં પ્રશિક્ષકો એકત્રિત થયા હતા ત્યાં સત્સંગનું સંચાલન કર્યું અને 'કાર્યમાં સૂક્ષમતા' વિષે વાતચિત કરી. તેમણે કહ્યું કે જ્યારે આપણે પોતાના પ્રશિક્ષક તરીકેના કામને પ્રેમ કરીશું, ત્યારે જ આપણે કાર્યમાં વધારે અને વધારે સૂક્ષમતા લાવવાને સમર્થ બનીશું અને ત્યારે જ તે વધારે અસરકારક બનશે. આને માટે તેમણે કેટલાક ઉદાહરણો આપ્યા. માસ્ટર "ગાયત્રી" ખાતે પાછા ફરવાના હોવાથી, તેમણે દરેક જૂથને દરરોજ સાંજે નાની નાની ટુકડીમાં ગાયત્રી આવવા માટે આમંત્રણ આપ્યું.

### આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિ તાલિમ કાર્યક્રમ (આઈ.એસ.ટી.પી)

15મીએ માસ્ટરે બધાજ સહભાગીઓને તથા આઈ.એસ.ટી. કાર્યક્રમના સંયોજકોને પોતાની સાથે બપોરનું ભોજન લેવા આમંત્રણ આપ્યું. શિષ્યવૃત્તિ ધારકોને પ્રમાણપત્રો વહેંચ્યા બાદ, માસ્ટરે ખાતરી કરીકે દરેકના હાથમાં ભોજન માટે થાળી છે અને ત્યારે બાદ તેઓની સાથે બહાર ખુલ્લામાં ભોજન લીધું. ત્યાર બાદ, સાંજે તેઓ "ગાયત્રી" પાછા ફર્યા.

### રવિવાર, 16 ફેબ્રુઆરી

સવારના "ગાયત્રી" ખાતે એકત્રિત થયેલા આશરે સાઈઠ અભ્યાસીઓ માટે માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું. આ પછી તેઓ થાકી ગયા હતા અને તબીબી સારવાર લેવા અંદર જતા રહ્યા.

સાંજે, પ્રશિક્ષક પરિસંવાદમાંથી આશરે સાઈઠ અભ્યાસીઓ "ગાયત્રી" આવી પહોચ્યાં. માસ્ટર તેઓની સાથે ખંડમાં બેઠા અને બધાને નાસ્તો પીરસવામાં આવ્યો. શરૂઆતમાં શાંત વાતાવરણ જણાતું હતું, ત્યાર બાદ એક બહેને વાયોલીન વગાડ્યું, અને જ્યારે તેણીએ વાજંત્રના આંદોલનો વિષે વાત કરી, ત્યારે માસ્ટરે કહ્યું કે , "દરેક વસ્તુ આંદોલિત હોય છે." જ્યારે બહેને એક રચના પૂરી કરી, ત્યારે માસ્ટરે તેણીને ચાલુ રાખવા જણાવ્યું, આ પછી, થોડા અભ્યાસીઓ માસ્ટરને પત્રો, ભેટો વગેરે આપવા આગળ આવ્યા.



continued.



માસ્ટરે તેમની યુરોપની યાત્રાઓને યાદ કરીને યુરોપની ભાષાઓ વિષે વાત કરી અને અમુક ભાષાઓ ખાસ કરીને સ્કેન્ડીનેવીઅન ભાષાઓ શિખવી કેટલી અઘરી છે તે વિષે વાતચિત કરી.

આ નિત્યક્રમ સમગ્ર અઠવાડીયા દરમિયાન ચાલુ રહ્યો: અભ્યાસીઓ માસ્ટરને મળવા સવારના આવતા અને સાંજે પચાસથી સાઈઠની ટુકડીઓમાં યુરોપીયન પ્રશિક્ષકો તેમને મળવા આવતા.

**રવિવાર, 23, ફેબ્રુઆરી**

માસ્ટરની તબિયત સારી રહેતી ન હોવાને કારણે, અભ્યસીઓએ ''ગાયત્રી''ની મુલાકાત ન લેવા વિનંતિ કરતી જાહેરાત કરવામાં આવી હતી, તેમ છતા, મોટી સંખ્યામાં આભ્યાસીઓએ ગાયત્રીની મુલાકાત લીધી હતી, અને તેથી માસ્ટરે અત્યંત લાંબા, 1 કલાક દસ મીનીટ લાંબા, સત્સંગનું સંચાલન કર્યું. જેના પછી તેઓ અત્યંત થાકી ગયા હોવા છતા અંદર જતા પહેલા કેટલાક લોકોને મળ્યા હતા.

**24–28 ફેબ્રુઆરી**

માસ્ટરની તબિયત નરમ ગરમ રહેતી હતી. ગુરુવારે તેમના પૌત્ર ભાર્ગવ દિલ્હીથી આવ્યા અને ત્યાર પછીના ત્રણ દિવસ પૂ.માસ્ટર ખુશમિજાજમાં હતા.

## માર્ચ 2014

**માસ્ટર ''ગાયત્રી'' ખાતે** 1 થી 9 માર્ચ

માર્ચના પ્રથમ અઠવાડીયાના અંત દરમિયાન ભાર્ગવના ''ગાયત્રી'' ખાતેના રોકાણે, માસ્ટર માટે આવકારદાયક બદલાવ આણ્યો. સમગ્ર પરિવાર, તેમની સાથે સમય વિતાવી શકતો હતો. ભાર્ગવ 2જીની સાંજે દિલ્હી પાછા ફર્યા.

ભાર્ગવના ગયા બાદ, માસ્ટર ''ગાયત્રી'' ખાતે એક અઠવાડીયું વધારે રોકાયા. તેઓ ખૂબ હળવાશ અનુભવી રહ્યા હતા. જ્યારે જ્યારે તેમને સારું લાગતું ત્યારે તેઓ સત્સંગનું સંચાલન કરતા. આ સમય દરમિયાન વધારે મુલાકતીઓ હતા નહીં, તેથી માસ્ટરને થોડો આરામ મળતો હતો. અઠવાડીયાના અંત સુધીમાં તો તેઓ માણપાક્કમ જવા તૈયાર થઈ ગયા હતા.

**માણપાક્કમમાં પાછા, સોમવાર, 10 માર્ચ, 2014**

" ગાયત્રી" ખાતે એક મહિનાના રોકાણ બાદ, માસ્ટર માણપાક્કમ ખાતે પાછા ફર્યા હતા. તેમની તબિયત ધીમે ધીમે, પણ લગાતાર સુધરતી જતી હતી. તેઓ તદ્દન આરામથી હરીફરી શકતા હતા. જ્યારે માસ્ટર આશ્રમ આવ્યા ત્યારે તેમણે ગોલ્ફ કાર્ટમાં આશ્રમનું ચક્કર માર્યું, લોકોને મળ્યા અને વિવિધ બાંધકામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું. ધ્યાનની બેઠક આપવા માટે અને અભ્યાસીઓને મળવા માટે હવે તેઓ સક્રિય હતા તેમ જ વહિવટી કાર્યોમાં પણ પોતાને સામેલ કરતા હતા. જ્યારે જ્યારે તેઓ કુટીરની બહાર બેસતા ત્યારે ત્યાં અભ્યાસીઓનું ટોળુ તેમને ઘેરી વળતું.

**માસ્ટર સાથે સત્સંગ, રવિવાર, 16 માર્ચ, 2014**

સવારે 6 કલાકે માસ્ટર તૈયાર હતા, અને તેમણે કહ્યું, " આજે મને સારું લાગી રહ્યું છે." અભ્યાસીઓએ જણાવ્યું કે આજે ''હોળી'' છે. માસ્ટરનો ચહેરો ચમકી ઉઠ્યો અને કહ્યું, " આજે હું જઈશ અને સત્સંગનું સંચાલન કરીશ." માસ્ટરે એક કલાક કરતા લાંબા સમય માટે સત્સંગનું સંચાલન કર્યું અને ત્યાર બાદ કુટીરમાં પાછા ફર્યા.

**ગીતા ઉપરનું સત્ર**

ભાઈ સંસ્કૃત કન્નન દ્વારા ગીતા ઉપરના 18મા અધ્યાયના પ્રવચનોનું સમાપન આજે થવાનું હતું . તેમણે દોઢ કલાકના આ સત્રમાં, આ અધ્યાયના વિવિધ શ્લોકોનું અર્થઘટન કર્યું. ભગવાન કૃષ્ણના સંદેશાનો સાર હતો, " બધાનો ત્યાગ કરો અને મને સમર્પિત થાવ." માસ્ટર આ સત્રને અત્યંત ઉત્સુકતાપૂર્વક નીહાળી રહ્યા હતા. બધા જ અધ્યાયો પૂરા ન થઈ શકવાને કારણે તેને પછીના અઠવાડીયા સુધી લંબાવવામાં આવ્યો.





**વાસ્તુપૂજન, બુધવાર, 19 માર્ચ 2014**

આશ્રમની પાછળ આવેલા દ્વારકા એપાર્ટમેન્ટમાં માસ્ટર વાસ્તુપૂજન માટે આવ્યા. તેઓ સીધા દાદરથી ઉપર ચઢ્યા અને જે પરિવાર રહેવા આવવાનું હતું તેઓને બોલાવ્યા અને તેઓને પ્રસાદ આપ્યો અને ત્યાર બાદ સત્સંગનું સંચાલન કર્યું. આશરે 400 અભ્યાસીઓ સત્સંગ માટે એકત્રિત થયા હતા! માસ્ટર વ્હીલ ચેરમાં ઘરમાં ફર્યા અને ઘરમાં કેટલોક સમય વિતાવ્યો, અને ત્યાર બાદ એક માળ નીચે ભાઈ કમલેશને ત્યાં ગયા.

**ભાઈ કમલેશના ઘરે : 19 થી 25 માર્ચ 2014**

માસ્ટરે તેમને ત્યાં થોડા દિવસ રહેવાનું નક્કી કર્યું. હંમેશ મુજબ, સવારે અને સાંજે અભ્યાસીઓ આવતા હતા. માસ્ટર તેમના નાસ્તા બાદ સત્સંગનું સંચાલન કરતા, અને સાંજે ત્યાં તેમનું ફીઝીઓથેરાપીનું સત્ર ચાલે ત્યાં સુધી, એકત્રિત થયેલાઓને ખંડમાં મળવા માટે માટે બહાર આવતા. આ નિત્યક્રમ રવિવાર સુધી ચાલ્યો.
રવિવારે, ભાઈ કમલેશ સત્સંગનું સંચાલન કરવા આશ્રમ ગયા ત્યારબાદ, માસ્ટર નીચે આવ્યા, અને જેઓ હાજર હતા તેઓને માટે સત્સંગનું સંચાલન કર્યું. લાંબી બેઠક બાદ, માસ્ટર દેખિતી રીતે થાકી ગયા હતા અને તેમને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી.

**ગીતા સત્ર: રવિવાર, 23 માર્ચ, 2014**

માસ્ટર ભાઈ કમલેશના ઘરે હતા, આશ્રમના ધ્યાન ખંડમાં ચાલી રહેલા ગીતા સત્રને નિહાળી શકે તે માટે ભાઈ કમલેશના ઘરે વીડીઓ કનેક્શન લગાવવામાં આવ્યું હતું. આ આયોજીય કાર્યક્રમનો છેલ્લો ભાગ હતો અને માસ્ટરની તબિયત ઠીક ના હોવા છતાં પણ તેઓ તેમાં ડૂબી ગયા. અંતમાં જાહેર કરવામાં આવ્યું કે ગીતાના બધા જ અધ્યાયોને આવરી લેતું વધારાનું વિહંગાવલોકન સત્ર રહેશે અને ત્યાર બાદ પ્રશ્નોત્તરી સત્ર પણ રહેશે.

**માસ્ટર અસ્વસ્થ: 23થી 31 માર્ચ 2014**

માસ્ટર હજી પણ અસ્વસ્થતા અનુભવતા હતા, કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને સારવાર શરૂ કરવામાં આવી હતી. માસ્ટર કુટીરમાં પાછા આવવા માગતા હતા, પરંતુ તેમની નાજુક તબિયતને કારણે તેમને લઈ જવાનું શક્ય નહોતું. તેમનામાં તાકાત આવતા કેટલાક દિવસો વિતી ગયા અને 25મી માર્ચે તેઓ કુટીરમાં પાછા આવી ગયા.

## એપ્રીલ 2014

માસ્ટરની અસ્વસ્થતા એપ્રીલના પહેલા બે અઠવાડીયા સુધી ચાલુ રહી. ડોક્ટરોની ટીમ કુટીર ખાતે હાજર હતી. મુલાકાતો સંપૂર્ણપણે બંધ કરી દેવાઈ હતી. નીદાન બાદ, ઉચિત દવાને નક્કી કરવામાં આવી હતી અને ત્યાર બાદ, માસ્ટરની તબિયતમાં ધીમો પણ સતત સુધારો જણાતો હતો, દવાઓને કારણે તેઓ સતત ઘેનમાં રહેતા હતા, અને તે દરમિયાન તેમને ખૂબ જ આરામ મળ્યો. જ્યારે તેમને સારું લાગવા માંડ્યું, ત્યારે તેમણે થોડા સમય માટે, કુટીરના સામેના ભાગમાં અથવા બાબુજી મંડપના સામેના ભાગમાં, આવીને બેસવાનું શરૂ કર્યું.
વડોદરાથી ત્રણ બહેનો તેમના પરિવાર સાથે માસ્ટરને મળવા આવી, માસ્ટર તેઓને મળીને અત્યંત પ્રસન્ન થયા અને તેઓની સાથે સારો એવો સમય વિતાવ્યો.
ઔપચારીક વાતચિતમાંથી માસ્ટરે કહેલા કેટલાક મુદ્દાઓ:
“ અસલ તાકાત હંમેશા કોમળતામાં હોય છે. માત્ર નબળા જ કઠોર હોય છે.”
“ માત્ર જોઈ શકાય તેવો બદલાવ આચરણમાં અને ચારિત્ર્ય સુધારમાં હોય છે.”
“ જેમ કામ ઘટતું જાય છે, તેમ જવાબદારી વધતી જાય છે.”

**તામીલ નવું વર્ષ: 14 એપ્રીલ, 2014**

માસ્ટર એકદમ વહેલા ઊઠી ગયા અને થોડા અભ્યાસીઓનું અભિવાદન કર્યું તેઓ ધ્યાન ખંડમાં સત્સંગનું સંચાલન કરવાના હતા, પણ તેઓ એકાએક ખૂબ જ થાકી ગયા, અને તેને રદ કરવાનું નક્કી કર્યું. તે દિવસે તેઓ કોઈને મળી શક્યા નહીં

**વિશુ, કેરાલાનું નવું વર્ષ, 15 એપ્રીલ, 2014**

માસ્ટર ચોગાનમાં બહાર આવ્યા જ્યાં કેરાલાથી આવેલા આશરે એંસી અભ્યાસીઓ અને ચેન્નાઈથી આવેલા થોડા મલયાલીઓ





‘ વિશુ’ ઉજવવા એકત્રિત થયા હતા. માસ્ટરે અભ્યાસીઓને, વિશુને દિવસે જે વસ્તુને સૌ પ્રથમ જોવાની હોય છે, તે વિશુક્કાનીની વ્યવસ્થા કરવાની પરવાનગી આપી. તે મંગળમય વસ્તુઓ જેવી કે ફળો, શાકભાજી, ફૂલો, ધાતુનો અરીસો, અને સીક્કાઓની બનેલી હોય છે. ત્યાર બાદ, માસ્ટરે બેઠક આપી અને તે પછી, ભાઈ કૃષ્ણાએ મલયાલમમાં પ્રવચન આપ્યું, વિશુક્કાનીમાં અરીસાને સામેલ જોઈને, તેમણે ટકોર કરી કે જ્યારે આપણે અરીસામાં જોતા હોઈએ ત્યારે આપણે પોતાની અંદર, માસ્ટરને પણ જોવા જોઈએ. પછી, માસ્ટરે, ત્યાં એકત્રિત થયેલા બધા જ ભાઈઓ તથા બહેનોને વિશુ કૈનીત્તોમ આપ્યું. આ પરંપરા મુજબ પરિવારના વડીલો પરિવારના બધા સદસ્યોને આપતા હોય છે.

## રવિવાર, 20મી એપ્રીલ, 2014

માસ્ટરે ધ્યાન ખંડમાં સત્સંગનું સંચાલન કર્યું. તેઓ ખંડમાં સવારે 7:10 કલાકે હાજર હતા, અને ધીરજપૂર્વક દસ મીનીટ કરતા વધારે સમય સત્સંગ ચાલુ કરવા માટે પ્રતિક્ષા કરી. સત્સંગ બાદ, માસ્ટરે ત્રણ લગ્નો સંપન્ન કર્યા. જ્યારે જાહેરાતો થતી હોય છે ત્યારે તે ઉદઘોષક માટે તે જાહેર કરવું પ્રથાગત છે કે “ જ્યાં સુધી માસ્ટર ખંડને છોડે નહીં, ત્યાંસુધી કૃપયા તમારી જગ્યા ઉપર બેસી રહો.” આ જાહેરાત ચૂકી જવાઈ, આથી, માસ્ટરે ભાઈ પ્રકાશને બોલાવ્યા અને આ જાહેરાત કરવા જણાવ્યું. કુટીર ઉપર ગયા બાદ, તેમણે થોડા સમય માટે ગીતા સત્રને સાંભળ્યું અને ત્યાર બાદ આરામ કરવા ગયા.

## ગલ્ફ પરિસંવાદ: 25–30 માર્ચ 2014

મધ્ય પૂર્વના દેશોમાંથી આવેલા આશરે અભ્યાસીઓ અને 100 બાળકોએ આ પરિસંવાદમાં ભાગ લીધો. 25મીએ કમલેશભાઈએ સવારે 9:00 કલાકે સત્સંગનું સંચાલન કર્યું, અને સાધનાની અગત્યતા ઉપર અદભૂત પ્રવચન આપી પરિસંવાદનું ઉદઘાટન કર્યું. બધા જ દિવસોએ સવારના કાર્યક્રમમાં પ્રવચનો અને સાંજના વિવિધ વિષયો ઉપર રજૂઆત સામેલ હતા. 29મીના રોજ, સમાપન સત્રમાં ભાઈ કમલેશે સહભાગીને વ્યવસ્થિત અભ્યાસની જરૂરીયાત વિષે સમજાવ્યું અને “ એગ્રીગોર” શબ્દના અર્થને સમજાવ્યો. કે તેનો અર્થ ‘‘સામૂહિક સ્પંદનો કે જેના થકી વધારે જાગૃત માનવ જાત પ્રગટ થાય અને વધારે સારા માટે દુનિયાને બદલી શકાય. 30મીએ, ડોક્ટરોની સલાહની ઉપરવટ જઈને, અને તાવ, તથા નબળાઈ હોવા છતાં, સત્સંગ બાદ, માસ્ટર બધા જ અભ્યાસીઓને મળ્યા.



**યુરોપીયન પ્રશિક્ષક પરિસંવાદ, માણપાક્કમ 15–20 ફેબ્રુઆરી 2014**

લગભગ યુરોપના બધાજ દેશોમાંથી આવેલા આશરે 310 અભ્યાસીઓએ આ પરિસંવાદમાં હાજરી આપી, જે સહભાગીને પોતાની અંદરના જ ચિંતનના અવકાશમાં ઊંડા લઈ ગયો. માસ્ટર સૂક્ષ્મતા ઉપર બોલ્યા,: જરૂરી વિવેકબુધ્ધી બારીક અને ચોક્કસ સ્તરોને હાંસલ કરી શકાય તે માટે, સર્જનના અથવા કોશીશોના તમામ ક્ષેત્રોમાં માસ્ટરોને અનુભવાવાની જરૂરીયાત અને તેમના કાર્યને પ્રેમ કરવાની જરૂરીયાત કેવી હોવી જોઈએ. તેમણે કોઈ વસ્તુને બેદરકારી ભર્યા વલણથી બનાવી હોય અને જે વસ્તુ પ્રેમ અને સમર્પણથી બનાવી હોય, તેની વચ્ચેનો વિરોધાભાસ દર્શાવ્યો. ભાઈ કમલેશ દ્વારા બીજા અન્ય પ્રવચનમાં, લાલાજીના વલણોની યાદ દેવડાવવામાં આવી હતી લાલાજી દરેક વ્યક્તિને પોતાની જાત કરતા વધારે ચાહતા હતા, અને બાબુજી કેવું, ચેતનાનું અને સંવેદનશીલતાનું સૌથી શુધ્ધ સ્તર ધરાવતા હતા તેની યાદ કમલેશભાઈએ અપાવી. તેનોની પોતાની ધાર્મિક પૂર્વભૂમિકા હજી પણ તેઓને અસર કરી શકે છે, ત બબતને લક્ષમાં લઈને, પ્રશિક્ષકોએ નાના જૂથોમાં સમય વિતાવ્યો.

બધાને લાગ્યું કે માસ્ટરે, તેઓને જૂના ચિત્રને તેની અસલ અવસ્થામાં પુનઃ સ્થાપિત કરવા માટે જરૂરી સંભાળથી અને કુશળતાથી તથા નાજૂક રીતે, પ્રેરિત કર્યા છે. ખોવાયેલી અને નિરાશાભરી વ્યક્તિને, તેની અસલ દિવ્ય અવસ્થામાં પુનઃ સ્થાપિત કરવાની, સહજ માર્ગમાં તેજસ્વી સંભાવનાઓ છે.

> “ માનવી સાચો માનવી ફક્ત ત્યારે જ બની શકે છે કે જ્યારે તેની દ્રષ્ટિ તેના અંતરાત્મા તરફ વળી જાય. પરમતત્વ માટેની સાચી ઉત્સુકતા તેમાં જ રહેલી છે. પરમતત્વ કે જ્યાંથી દરેક વસ્તુ પોતાની મેળે અવતરિત થઈ છે, તે પરમતત્વને જે વ્યક્તિ વળગી રહે છે, તે જ વ્યક્તિ પોતાનું સ્થાન સલામત કરે છે. બીજા શબ્દોમાં, તે વ્યક્તિ મુખ્ય સ્ત્રોત સાથે તેની કડી જોડે છે. તે પછી જે બાકી રહે છે, તે છે તેનું વિસ્તૃતિકરણ, કે જેને માટે ભલામણ કરેલો અભ્યાસ પૂરતો છે.”
>
> બાબુજી મહારાજ
>
> રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ, વિભાગ–2 પાનું 59

## વાતને ફેલાવતા

### અમદાવાદ, ગુજરાત





જેઓ, આપણા એક અભ્યાસી દ્વારા ચલાવાતા, 'ભારતીય યોગ સંસ્થાન' દ્વારા સંચાલિત યોગના વર્ગો ભરતા હતા તેઓ માટે, "આરોગ્યમય જીંદગી માટે ખુશ રહો" કાર્યક્રમનું સંચાલન 7મી માર્ચના રોજ, સાંજે 5:30 કલાકે જોગર્સ પાર્ક ખાતે કરવામાં આવ્યું ડૉ. વિનોદ અગ્રવાલે અને ભાઈ ભદ્રેશે "ધ્યાનની અગત્યતા", "માનવ જીવનમાં ગુરુની ભૂમિકા" અને "સહજ માર્ગની મુખ્ય લાક્ષણિકતાઓ" વિષે સમજણ આપી. કુલ નેવુંમાંથી ચાળીસ સહભાગીઓએ મીશનમાં રસ દર્શાવ્યો, ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના પ્રતિભાવમાં પ્રશિક્ષકોએ શંકાઓનું નિવારણ કર્યું

### તડીપાત્રી, અનંતપુર જીલ્લો, આંધ્રપ્રદેશ

માર્ચ મહીના દરમ્યાન, કડાપા તથા તડીપાત્રીની વિવિધ કોલેજોમાં ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું જેનો જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. 275 ઉપર વિદ્યાર્થીઓ શરૂ કરવા માટે રસ દાખવ્યો અને તેમાંથી આશરે 170 વિદ્યાર્થીઓએ પ્રારંભિક બેઠકો લીધી. આ અભિલાષીઓમાંથી 120 તડીપાત્રી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ હતા. આંધ્રપ્રદેશના વિવિધ ભાગોમાંથી આશરે વીસ પ્રશિક્ષકો વિદ્યાર્થીઓને પ્રારંભિક બેઠકો આપવા આવ્યા. આ સત્રનું સંચાલન કરનારા પ્રશિક્ષકો અને સ્વયંસેવકો જણાયું કે આ અભિલાષીઓમાંથી ઘણામાં આધ્યાત્મિકતા માટે તૈયાર છે અને માસ્ટરનું કાર્ય શરૂ થઈ રહ્યું છે. તડીપાત્રી કોલેજના વ્યવસ્થાપક મંડળે પ્રારંભિક બેઠકો માટે કોલેજના પરિસરમાં જ વ્યવસ્થા કરી આપી અને દર બુધવારે સાંજના નિયમીત સત્સંગ માટે એક ખંડ પણ ફાળવી આપ્યો. ઘણા 18 વર્ષની નીચેના વિદ્યાર્થીઓ કે જેઓ અભ્યાસ શરૂ કરવા રાજી હતા પણ વય મર્યાદાને કારણે શરૂ કરી ના શક્યા તે માટે નિરાશ પણ થયા.

### કડાપા

કડાપા ખાતે યોગ કેંન્દ્ર અને સ્થાનિક બેંન્ક તેમજ ડેન્ટલ, એન્જીનીયરીંગ, અને અનુસ્નાતક કોલેજોમાં પાંચ ઓપન હાઉસોનું સંચાલન કરવામાં આવ્યું. કેટલાક ઓપન હાઉસને, ખાસ કરીને કોલેજોમાં, એટલો બધો સારો પ્રતિભાવ મળ્યો કે લગભગ પચાસ વિદ્યાર્થીઓ ટુંક સમયમાં સહજ માર્ગનો અભ્યાસ શરૂ કરશે. બીજા એક ઓપન હાઉસનું સંચાલન, પુલિવેન્દલા, કડાપા જીલ્લામાં આશ્રમના પરિસરમાં કરવામાં આવ્યું. આ સત્રને પણ સારો પ્રતિસાદ મળ્યો. વેમ્પાલ્લી, પુલિવેન્દુલા, કડાપા, તડીપાત્રી અને હૈદરાબાદના પ્રશિક્ષકો અને આર.ટી.પી.પી.ના અભ્યાસીઓએ પ્રારંભિક સીટીંગ ગોઠવવા માટે મદદ કરી.

### કોરુટ્લા અને મેટપલ્લી કેંન્દ્રો, ઉત્તર આંન્ધ્રપ્રદેશ

ભાઈ મધુ કોથાપલ્લી (ઝેડ.આઈ.સી,) અને તેમની ટીમ તથા જગીત્યાલના સ્થાનિક પ્રશિક્ષકોએ તેમના આંન્ધ્રપ્રદેશના ઉત્તર ક્ષેત્રના પ્રવાસ દરમ્યાન, કોરુટલા અને મેટપલ્લી ખાતે બે નવા કેંન્દ્રો ખોલ્યા. જે જગીત્યાલથી 5 કી.મી.ના અંતરે આવેલા છે. પાછા ફરતા ટીમ ચાની દુકાન ઉપર ચા પીવા રોકાઈ અને માસ્ટરની કૃપાથી નવા કેંન્દ્રો સ્થપાય તે માટે પ્રાર્થના કરી. એક મહીનાની અંદર, ભાઈ મંચાલા કૃષ્ણાએ આ નવા કેંન્દ્રોમાં ઓપન હાઉસની વ્યવસ્થા કરી. ભાઈ કૃષ્ણા રાવે કોરટુલા ખાતે સહજ માર્ગની ઓળખ આપી અને વીસ લોકોએ પ્રારંભિક બેઠકો લીધી. મેટપલ્લી ખાતે, દસ નવા અભ્યાસીઓને આપણી પધ્ધતીમાં આવકારતા, ભાઈ









સીંગમા રાજુ આપણી પધ્ધતિ ઉપર બોલ્યા. આજ ઉત્સાહથી સાતે, જગીત્યાલ, કરીમનગર, કોથાગુડેમ, અને સીદ્દીપેટ ખાતે વધારે ઓપન હાઉસ રાખવામાં આવ્યા. આશરે 100 અભ્યાસીઓએ પ્રારંભિક બેઠકો લીધી. હંમેશ મુજબ નિષ્ઠાપૂર્વકની પ્રાર્થનાએ ખરેખર કામ કર્યું હતું.

## પાલક્કડ, કેરાલા

પાલક્કડ આશ્રમથી આશરે 25 કી.મી. દૂર આવેલા વદવન્નુર ખાતે નાયર સર્વીસ સોસાયટીમાં, બહેન શ્યામલા મેનન દ્વારા ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું. કેટલાક અભ્યાસીઓ સહિત, ત્રેવીસ વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. ભાઈ કૃષ્ણન કે.ટી. (સી.આઈ.સી.)એ “ધર્મ અને આધ્યાત્મિકતા” ઉપર વક્તવ્ય આપ્યું. માનવ જીવનમાં આધ્યાત્મિકતાની અગત્યતાને સમજાવી. ભાઈ મુરલીધરન એમ. “માનવ જીવનના ઉદ્દેશ્ય” વિષે સમજાવ્યું, અને લક્ષ્ય હાંસલ કરવા માટે, આધ્યાત્મિકતાની ભૂમિકા સમજાવી. ત્યાર બાદ પ્રશ્નોત્તર સત્ર હતું.

## ખડગપુર, પશ્ચિમ બંગાળ

8મી માર્ચે, ખરગપુર પાસે સ્થિત, રૂપનારાયણપુર ખાતેના ટાટા હિટાચી પ્લાન્ટના આશરે પંચોતેર કર્મચારીઓ માટે બે કલાકનો ધ્યાન પ્રત્યેની જાગરૂતતાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેનું સંકલન, બહેન શ્રીલતા દ્વારા કરાયું હતું. અને તેનું સંચાલન બહેન ચંન્દ્રકાન્તા અરોરા, અને ભાઈઓ સી.એસ.આર. મુર્તી, બી.બી. બેરા અને અન્ય સ્વયંસેવકો દ્વારા કરાયું હતું. વક્તાઓએ સંતુલિત જીંદગીની જરૂરીયાતને અને તેને હાંસલ કરવામાં આધ્યાત્મિકતા કેવી રીતે મદદ કરે છે તે બાબતને સમજાવી. તેઓએ પદ્ધતિને ટુંકમાં વર્ણવી. સત્રનું સમાપન, બધાને આધ્યાત્મિક વાતાવરણની શાંતિને અનુભવવા ખરગપુર કેંન્દ્રની મુલાકાત લેવાના આમંત્રણ સાથે કરવામાં આવ્યું..

## મૈસુર, કર્ણાટક

ફેબ્રુઆરીમાં ભાઈ એ.પી. દુરાઈએ (સંયુક્ત સચિવ) કર્ણાટક પોલીસ એકેડેમી, મૈસુરની મુલાકાત લીધી. તેમની મુલાકાત દરમ્યાન, 16 અને 17મી ફેબ્રુઆરીના રોજ બે ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું. કુલ 120 પ્રોબેશનરી સબ ઈન્સ્પેકટરોએ ભાગ લીધો, તેમાંથી 33 તાલિમાર્થીઓએ અભ્યાસની શરૂઆત કરી. બધા તાલિમાર્થીઓ અને કેટલાક કર્મચારી વર્ગને એપ્રીલના અંતમાં પ્રારંભિક બેઠકો અપાશે. આ તાલિમાર્થીઓ હજી આઠ મહીના તાલિમ કેંન્દ્રમાં રહેવાના છે, અને તેઓના નીયમીત રવિવારના સત્સંગ તથા વ્યક્તિગત બેઠક માટે તેમના પ્રાંગણમાં જ આયોજન કરાયું. તેઓની તાલિમ બાદ, તેઓને કર્ણાટકના વિવિધ ભાગમાં મુકવામાં આવશે. મૈસુર ક્ષેત્રના આઠ પ્રશિક્ષકોએ આ પ્રસંગમાં ભાગ લીધો.

## તામિલનાડુ

તામિલનાડુના તાન્જાવુર, તુતુકુડી અને તિરુનેલ્વેલી જીલ્લાના પ્રવાસ દરમ્યાન ભાઈ એ.પી. દુરાઈએ (સંયુક્ત સચિવ) કેટલાક કેંન્દ્રોની 16મીથી 21મી માર્ચ દરમ્યાન મુલાકાત લીધી અને અભ્યાસીઓ સાથે વાતચિત કરી અને ઓપન હાઉસના સત્રોનું પણ સંચાલન કર્યું.

તાન્જાવુરમાં, પ્રશિક્ષકો સુબ્રામનીયમ અને મુરુગરેશન દ્વારા એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું તાન્જાવુરથી 15 કી.મી. દુર, આવેલી સરકારી ખાંડના કારખાના કર્મચારીઓની કલબમાં આયોજીત ઓપન હાઉસમાં ત્રીસ કર્મચારીઓએ તથા તેમના પરિવારોએ ભાગ લીધો. પાંચ વ્યક્તિઓએ તાત્કાલિક અભ્યાસ શરૂ કરવા પ્રારંભિક બેઠકો લીધી. સહજ માર્ગની રજૂઆત વેત્રી આઈ.એ.એસ અધ્યયન મંડળ, થન્જાવુરના લગભગ એંસી વિદ્યાર્થીઓ સમક્ષ પણ કરવામાં આવી.

વી.ઓ.સી. શિક્ષણ કોલેજ, તુતુકુડીમાં, 120 તાલિમાર્થી શિક્ષકોએ ઓપન હાઉસમાં ભાગ લીધો અને સ્પીકનગર નજીક આવેલા મુથૈઆપુરમમાં, વીસ સન્નારીઓએ પ્રવચન સાંભળ્યુ અને પાંચ લોકોને બેઠકોની શરૂઆત કરાઈ.

શ્રીવૈલકુન્ટમમાં ઓપનહાઉસનું સ્થળ કે.જી.એસ. આર્ટ્સ કોલેજ હતું અને વડાકાન્ગુલમમાં, અરૂલ એન્જીનીયરીંગ કોલેજ અને રાજા’સની શિક્ષણ કોલેજના વિદ્યાર્થીઓ સત્રોમાં હાજરી આપી.

તિરુચેન્દુર અને ઉદાન્ગુડી વચ્ચે આવેલ કચાનવિલાઈમાં શાળા અને સર્વાઈટ કોન્વેન્ટની મુલાકાત લેવામાં આવી. અહીં બહેન આક્વીલિના (પ્રશિક્ષક) દ્વારા ઈસુના ખ્રિસ્તના બોધને સહજ માર્ગના અભ્યાસમાં પરિવર્તિત કરવા ઉપર, પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણીની પાંચ સાધ્વી બહેનોએ પ્રારંભિક બેઠકો લીધી.

ઉદાન્ગુડી ઉપ કેન્દ્રમાં, ભાઈ મુથુકૃષ્ણાના ઘરે રાખેલા, ઓપન હાઉસ બાદ પાંચ લોકોએ અભ્યાસની શરૂઆત કરી, અને વદાકન્ગુલમમાં, આશ્રમમાં દસ અતિથીઓએ ઓપન હાઉસમાં ભાગ લીધો. ઝેડ.આઈ. સી, ભાઈ રામનાથન, સ્થાનિક પ્રશિક્ષકો, બહેન મીરા શંકર, અને ભાઈઓ રામદાસ, નલચીરામ, કૃષ્ણરાજન, આ પ્રયત્નમાં સહયોગી હતા.



## રાજામુન્દ્રી, આંન્ધ્રપ્રદેશ



આંન્ધ્રપ્રદેશ, દરિયા કીનારાના ક્ષેત્રમાં આવેલા, શ્રીકાકુલમ, વીજયનગરમ, વિસાખાપટ્ટનમ, પૂર્વ અને પશ્ચિમ ગોદાવરી જીલ્લાના બાવીસ પ્રશિક્ષકો રાજામુન્દ્રી ખાતેના નવા આશ્રમમાં 14મી એપ્રીલના રોજ એકત્રિત થયા. ઝેડ.આઈ.સી ભાઈ એમ. આદિનારાયણના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની શરૂઆત માસ્ટરના “બેઠક કેવી રીતે આપવી” વિષય ઉપરના પ્રવચનના વીડીઓથી કરવામાં આવી. ત્યાર બાદ સત્સંગ રાખવામાં અવ્યો હતો. ઝેડ.આઈ.સીએ કહ્યું કે તેઓએ માસ્ટરની સેવા માટે વધારે સારા પ્રશિક્ષક અને કાર્યકર્તા બનવું જોઈએ. તેમણે મીશનની પ્રવૃત્તિઓમાં બાળકો તથા યુવાનોને આકર્ષવા, પ્રોત્સાહિત કરવા અને સામેલ કરવા પ્રવૂત્તિઓની રૂપરેખા આપી. કેટલાક ભાઈઓએ પ્રશિક્ષક તરીકેનું કાર્ય સારી રીતે કરવા માટે અને સફળતાપૂર્વક અજમાવાયેલી બાળકો માટેની પ્રવૃત્તિઓ વિષે ઉપયોગી જાણકારીઓ આપી. પ્રશિક્ષકો વચ્ચે વ્યક્તિગત ધ્યાનની બેઠકોની અદલાબદલી કરવામાં આવી અને આધ્યાત્મિક હાલતનું નિરીક્ષણ કરી તેને નોંધવામાં આવ્યું. “એસોટેરીક સીમ્બોલ” સાથેના ‘વ્હીસ્પર્સ’ના સંદેશાઓના સેટને વાચન માટે તથા તેના ઉપર ચિંતન માટે વહેંચવામાં આવ્યો. આ મિલન અસરકારક અને ઉપયોગી રહ્યું અને તેનું સમાપન સત્સંગથી કરવામાં આવ્યું.

### જસવંતગઢ, નાગોર જીલ્લો, રાજસ્થાન

જસવંતગઢ, લાડનુન, ડીડવાના, અને સુજાનગઢ કેંન્દ્રોના તથા આજુબાજુના ગામોમાંથી આવેલા આશરે નેવું અભ્યાસીઓ, 6ઠી એપ્રીલના રોજ આસવા અતિથીગૃહમાં એકત્રિત થયા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન ભાઈ વિકાસ (ઝેડ.આઈ.સી.) અને ભાઈ અનીલ (જોધપુર) દ્વારા કરાચું હતું. સત્સંગ બાદ માસ્ટરનો વીડીઓ દર્શાવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ નાસ્તો રાખવામાં આવ્યો હતો. ભજન બાદ,



“રીચાલીટી એટ ડોન” ના પ્રથમ પ્રકરણની ઓડીઓ ચલાવવામાં આવી હતી.

અભ્યાસીઓને ચાર જૂથમાં વહેંચી દેવામાં આવ્યા હતા. અને સંભળાવેલા આવેલ ઓડીઓ ઉપર સવાલો પૂછવામાં આવ્યા હતા. ત્યાર પછીની પ્રશ્નાવલિ “સહજ માર્ગના મૂળભૂત સિધ્ધાંતો” ઉપર હતી. આ દરમ્યાન, અભ્યાસીઓની તેમના વ્યક્તિગત અનુભવો વિષેની ઘણી શંકાઓનું નિરાકરણ થયું હતું.

### અમદાવાદ, ગુજરાત

ખેતીવાડીની પૃષ્ઠભૂમિ ધરાવતા ભાઈઓ તથા બહેનોના જૂથે, અડાલજ આશ્રમ, અમદાવાદના પાછળના વાડામાં શાકભાજીની વાટીકામાં કામ કરવા સ્વયંસેવકોની ટીમ બનાવી. આની શરૂઆત, અભ્યાસીઓને નજીવી કિંમતે ચોખ્ખા, તાજા અને જંતુનાશક દવા વિનાના શાકભાજી પૂરા પાડવા હેતુથી કરવામાં આવી. આ શાકભાજીનો ઉપયોગ, રવિવારે અને બીજા અન્ય પ્રસંગોએ આશ્રમના રસોડામાં પણ કરવામાં આવે છે. સ્વયંસેવકોના માર્ગદર્શન હેઠળ બાળકોને શાકભાજી ઉગાડવાની તાલિમ આપવામાં આવે છે. સ્વયંસેવકોના સખત પરિશ્રમને કારણે હવે આશ્રમ પાસે એક સારી રીતે જાળવવામાં આવેલી શાકભાજીની વાટિકા છે.

### વરણગાવ, મહારાષ્ટ્ર

6ઠી એપ્રીલના રોજ, વરણગાંવ, ભુસાવળ, ખીર્ડી, દીપનગર, જલગાંવ, અને ધૂળેથી આવેલા પંચાવન અભ્યાસીઓએ અડધા દિવસના કાર્યક્રમમાં હાજરી આપી. “દસ નીયમો” અને “ચારિત્ર્ય નિર્માણ” ઉપરના પરસ્પર સંવાદાત્મક અને શૈક્ષણિક સત્રોનું સંચાલન કરવામાં આવ્યું અને ત્યાર બાદ, “રેર ઓપોર્ચ્યુનીટી” વીડીઓ દર્શાવવામાં આવ્યો.

ઓપન હાઉસ અને બાળકો માટેના કાર્યક્રમનું પણ સંચાલન કરવામાં આવ્યું. ત્યાર બાદ, સહજ માર્ગ સાધના અને નિયમીત અભ્યાસ દ્વારા, સરળ અને અસરકારક રીતે, વિચારોને સકારાત્મક દિશામાં બદલવા માટે તેની ભૂમિકા ઉપર ઔપચારીક પ્રવચન કરવામાં આવ્યું.





## સુરત, ગુજરાત, ખાતે વી.બી.એસ.ઈ.



કેંન્દ્રમાં મુલ્યો આધારિત શિક્ષણને શરૂ કરવા સુરત કેંન્દ્રે રેડીઅન્ટ ઈન્ગ્લીશ અકેડેમી, ઉમરા, પીપલોદ ખાતે, "શિક્ષણમાં મુલ્યોની જરૂરીયાત" વિષય ઉપર માતા–પિતાના અભિગમ માટેના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. 120 માતા–પિતા, શાળાના આચાર્ય, ટ્રસ્ટી અને કર્મચારીઓએ આ સત્રમાં હાજરી આપી. 11મા ધોરણના વિદ્યાર્થીઓ માટે હાયરાર્કી પબ્લીકેશન ટ્રસ્ટ દ્વારા નિર્મિત મુલ્યો આધારિત શિક્ષણનો નવો અભ્યાસક્રમ જૂન 2014થી માર્ચ 2015ના શૈક્ષણિક વર્ષમાં દાખલ કરવામાં આવશે. આ કાર્યક્રમ માટે માતા–પિતાઓનો પ્રતિભાવ અદભૂત હતો. તેઓમાંના કેટલાકે માતા–પિતાઓ માટે પણ આવો કાર્યક્રમ રાખવા વિનંતિ કરી. કારણકે તેમને જણાયું કે માતા–પિતા તેમના બાળકના ભવિષ્ય માટે અતિ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે.

## યુ–કનેક્ટ–જયપુર, રાજસ્થાન

યુ–કનેક્ટનો સૌ પ્રથમ પરિચય કાર્યક્રમ આર્ક પોઈન્ટ કનસલ્ટન્ટ પ્રાઈવેટ લીમીટેડ જયપુર ખાતે રાખવામાં આવ્યો હતો. દસ સહભાગીઓની સહભાગીઓ અને શિક્ષકગણના સદસ્યો દ્વારા ઓળખાણ કરાવીને શરૂઆત કરી. વકતા ડો. આશીષ જોહરીએ સહભાગીઓને જૂથ માટે, 'નિયમો' રચવા માટે આમંત્રિત કર્યા જે નીયમોને તેઓ પછીના સોળ સત્રો સુધી અનુસરશે. ત્યાર બાદ, તેમણે જંગલી બતકની વાર્તા કહી, જેણે સહભાગીઓને જીંદગીમાં યોગ્ય સમયે યોગ્ય વસ્તુઓને કરવાની જરૂરીયાત ઉપર વિચારવા પ્રેરણા આપી. આ વાર્તા બાદ સહભાગીઓને, તેઓમાં આધ્યામિક વિકાસના ખ્યાલનો પ્રારંભ કરવા, કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા. ઉદાહરણો અને પ્રશ્નો થકી ભાઈ આશીષે આધ્યાત્મિક રીતની જીંદગી અનુસરવા માટેની જરૂરીયાત ઉપર ભાર મૂક્યો. સત્ર પરસ્પર સંવાદાત્મક હતું અને સહભાગીઓ ભાગ લેવા બદલ ખુશ હતા.



## સ્વયંસેવકો માટે સત્ર, મુંબઈ

19મી ફેબ્રુઆરીના રોજ, મુંબઈના ઉદયગીરીમાં, બહેન શુભદા નાયકને ઘરે આશરે ચાળીસ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. ભાઈ મોહનદાસ હેગડેએ, અવતરણો, ટૂચકાઓ અને અંગત અનુભવોના દ્વારા ઉદાહરણો આપીને, મિશનના સ્વયંસેવકોના કાર્ય વિશે ચર્ચા કરી હતી. તેમણે સૂચવ્યું કે આપણે માસ્ટર માટે વાહક બનવાની જરૂર છે અને આપણે સેવા દ્વારા પ્રેમ વિકાસાવવો જોઈએ. તેમણે સૂચન કર્યું કે શરૂ કરવા માટે કો–ઓર્ડીનેશન અને કમિટિઓની રચના મંચ બની શકે છે. તેમણે સૂચવ્યું કે સ્વયંસેવકોના જૂથને મહિનામાં એકવાર બોલાવવા જોઈએ અને ભાગ લેનારે નીચેના પ્રશ્નો વિષે ચર્ચા કરવી જોઈએ: હું સારો અભ્યાસી કેવી રીતે બની શકું? વધારે સારી સેવા આપવા માટે મારે શું કરવાની જરૂર છે અને શું મેં તેની શરૂઆત કરી છે?

## શ્રીનગર

જમ્મુ કેન્દ્રથી આવેલ ટીમે 28મી થી 31મી માર્ચમાં શ્રીનગરની મુલાકાત લીધી હતી, અને બદામી બાગ ખાતે ગ્રુપ સેન્ટર સી.આર.પી.એફ. ખાતે ધ્યાન અને સફાઈના જી.આઈ.ટી.પી. મોડ્યુલનું સંચાલન કર્યું હતું. શ્રીનગર ફુલ્લડ ગ્રસ્ત વિસ્તાર હોવાથી ત્યાં કરફ્યુ અને બંધ નિયમિત હોય છે, ત્યાં પહેલી જ વખત આ કાર્યક્રમ યોજાયો હતો.

લગભગ પાંત્રીસ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. મોટાભાગના સી.આર.પી.એફ.ના કર્મચારીઓ ભારતના દરેક ભાગમાંથી આવ્યા હતા અને "ઝોન 11–એ"ના ઝેડ.આઈ.સી. જમ્મુ સેન્ટરના ભાઈ સુરેન્દર શર્માએ, સભાનું પ્રમુખ સ્થાન લીધું હતું. જી.આઈ.ટી.પી.નું સંચાલન જમ્મુના ભાઈ જુગલ કીશોર અને આશ્વિની ઠાકુરે કર્યુ હતું.





## યુવા કાર્યક્રમા



**ભીલવારા, રાજસ્થાન**

ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે, સવારના સત્સંગ બાદ, આ ખાસ સત્રમાં બાર યુવા અભ્યાસીઓએ ભાગ લીધો. એક બહેને લાલાજીની જન્મ જયંતિની ઉજવણી દરમ્યાન, ' આપણી દૈનિક જીંદગીમાં વર્તણુક કેવી રીતે સુધારવી' વિષય ઉપરના ભાઈ કમલેશ પટેલના પ્રવચનોમાંથી થોડા અંશોનો ઉલ્લેખ કર્યો. ત્યાર બાદ, અભ્યાસીઓએ, સહજ માર્ગને જોડાયા બાદ, તેમની આપ લે કરી. વર્તણુંકમાં આવેલા પરિવર્તનો ઉપરનું નિરીક્ષણ એક બીજા સાથે વહેંચ્યું. જેઓએ સાધનામાં તકલીફોનો ઉલ્લેખ કર્યો, તેઓને ' સહજ માર્ગના મૂળ તત્વ' પુસ્તક વાંચવા માટે અને જ્યારે તેઓ પોતાના પ્રશિક્ષક સાથે વ્યક્તિગત બેઠક લેવા જાય, ત્યારે તેની ચર્ચા કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો.

બીજી અન્ય યુવા સભા 30મી માર્ચના રોજ ગોઠવવામાં આવી. નવા અભ્યાસીઓને ભંડારાના આયોજન વિષે માહિતી આપવામાં આવી.જે અભ્યાસીએ અગાઉ ભંડારામાં હાજરી આપી હતી, તેઓએ પોતાના અનુભવો જણાવ્યા. બાબુજીના જન્મ દિવસની સ્થાનિક ઉજવણી માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને વિવિધ કાર્ય ક્ષેત્રોના પ્રારંભિક આયોજનોની ચર્ચા કરવામાં આવી હતી. અભ્યાસીઓએ અલગ અલગ સેવા આપવા પોતાના નામોની નોંધણી કરાવી હતી.

**વારાણસી, ઉત્તર પ્રદેશ**

વારાણસી કેંન્દ્ર ખાતે 3 દિવસના પરિસંવાદનું આયોજન 12મીથી 14મી એપ્રીલ દરમ્યાન કરવામાં આવ્યું, જેમાં આઠ પ્રશિક્ષકો, પાંચ સુવિધાકારકો, દસ સ્વયંસેવકો અને બાર યુવા અભ્યાસીઓ ભાગ લીધો હતો. સૌ પ્રથમ, દરેકને વ્યક્તિગત બેઠક આપવામાં આવી. પ્રેમ, અનુશાસન, આજ્ઞાપાલન, સેવા, માસ્ટરને અપનાવવા, દસ નીયમો અને સહજ માર્ગમાં યુવાનની ભૂમિકા જેવા વિષયો ઉપર પ્રવચનો આપવામાં આવ્યા, તેમ જ વિવિધ સંસ્થાઓ જેવી કે એલ.એમ.ઓ.આઈ.એસ., ક્રેસ્ટ, એસ.એમ.એસ.એફ, એસ.એચ.પી.ટી, અને રીટ્રીટ કેંન્દ્રો ઉપર " આધ્યાત્મિકતા શા માટે?" એ વિષય ઉપર પ્રેસન્ટેશન આપવામાં આવ્યું. સહભાગીઓને મીશનના પુસ્તકો આપવામાં આવ્યા અને તેમને ફાળવવામાં આવેલા વિષયો ઉપર રજૂઆત કરવા માટે કહેવામાં આવ્યું. તેઓએ " જીવન જીવન જીવવાની કળા" , " અભ્યાસ આપણને સંપૂર્ણ બનાવે છે" , " પ્રેમની શરૂઆત ઘરથી થાય છે" અને " ધીરજના ફળ મીઠા હોય છે" ઉપર નાટીકાઓ રજૂ કરી. ત્યાર પછી બે કલાક સ્વયંસેવાના કાર્યમાં ગાળવામાં આવ્યા. કાર્યક્રમમાં, માસ્ટરના પ્રવચનો, " ગોલ્ડન સાયલન્સ" , અને સમૂહ ધ્યાન સામેલ હતા. અંતમાં સહભાગીઓએ પોતાના અનુભવોની એકબીજા સાથે આપ લે કરી.




**ઝેડ.આઈ.સી.ની મોરાદાબાદ, યુ.પી.ની મુલાકાત**

13મી એપ્રીલે ભાઈ અશોક ગર્ગે (ઝેડ.આઈ.સી.) મોરાદાબાદ આશ્રમની મુલાકાત લીધી. સત્સંગના સંચાલન બાદ, તેમણે ભંડારામાં હાજરી આપવાની જરૂરીયાત અને સહજ માર્ગની સાધનાની અગત્યતા ઉપર ભાર મૂક્યો. ત્યાર બાદ, તેમણે પ્રશિક્ષકોની સભાની અધ્યક્ષતા કરી અને કેંન્દ્રના વિકાસ માટેના ભવિષ્યના આયોજનોની ચર્ચા કરી. તેમણે આશ્રમ પ્રબંધન સમિતીની બેઠકમાં પણ ભાગ લીધો અને સંદેહો વિષે જવાબો આપ્યા તથા આશ્રમની દેખભાળ સંબંધી ઉપયોગી માહિતી આપી.

**ઝેડ.આઈ.સી. ટી.એન. દક્ષિણની મનામદુરાઈની મુલાકાત**

મનામદુરાઈ, શીવગંગાઈ, કરાઈકુડી, પરમકુડી, અને રામનાથનપુરમ કેંન્દ્રોમાંથી આવેલા આશરે 130 અભ્યાસીઓની હાજરીમાં મનામદુરાઈ ખાતે, 23મી ફેબ્રુઆરીના રોજ, આખા દિવસના કાર્યક્રમનું આયોજમ કરવામાં આવ્યુ. સત્સંગ અને નાસ્તા બાદ, અભ્યાસીઓને સાત જૂથોમાં વહેંચી દેવામાં આવ્યા. દરેક જૂથને સહજ માર્ગના તત્વો જેવા કે ધ્યાન, સફાઈ, પ્રાર્થના, સેવા, માસ્ટર પ્રત્યે પ્રેમ, ચારિત્ર્ય નિર્માણ વગેરે સોંપવામાં આવ્યા. જૂથમાં ચર્ચા કર્યા બાદ, દરેક જૂથમાંથી કોઈ એક અભ્યાસીએ તેના જૂથના દ્ર ષ્ટિકોણ રજૂ કર્યા.

ભાઈ રામનાથને કહ્યું કે આભ્યાસીઓએ સહજ માર્ગના સિધ્ધાંતો સ્પષ્ટ રીતે સમજવા જોઈએ અને આપણા માસ્ટર ઈચ્છે છે તેમ, તેઓનું જીવન સરળ અને સાહજીક રીતે જીવવું જોઈએ.

બાળકોએ નાટક અને 2013ના વર્ષે બાબુજીની જન્મજયંતિ દરમિયાન રજૂ કરાયેલા કાર્યક્રમો ફરીથી રજૂ કર્યા.

બપોરના ભોજન બાદ, એક કલાકના લાંબા પ્રશ્નોત્તરીના સત્રે અભ્યાસીઓના હૃદયોમાં સહજ માર્ગની સમજને વધારે ઉજાગર કરી. કાર્યક્રમનું સમાપન, સાંજના સત્સંગ દ્વારા કરવામાં આવ્યુ.



## રાઈચુર, કર્ણાટક

રાઈચુર, ગુલબર્ગા, શોરાપુર, ગોગી, અને બીજા અન્ય કેન્દ્રોથી આવેલા 100 અભ્યાસીઓ માટે, બેંગ્લોરથી આવેલી ભાઈ વેંકટ રાવ અને તેમની ટીમે " મીશનના સાહિત્યના વાંચવાનું મહત્વ" વિષય ઉપર 5મી અને 6ઠી એપ્રીલ દરમિયાન, બે–દિવસીય કાર્યક્રમનું સંચાલન કર્યુ. બંન્ને દિવસોએ કાર્યક્રમની શરૂઆત સવારના 7:30 કલાકના સત્સંગથી કરવામાં આવી. કાર્યક્રમમાં પ્રવચનો, પ્રશ્નોત્તરીના સત્રો, પરસ્પર સંવાદાત્મક સત્રો, કોયડાઓ અને બીજી અન્ય પ્રવૃત્તિઓ સામેલ હતી અને દિવસનું સમાપન સાંજના સત્સંગથી કરવામાં આવતું. ડો. ગજેંદ્ર સીંગ (ઝેડ.આઈ.સી ઉત્તર કર્ણાટક.) સમગ્ર કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા અને વખતો વખત પોતાના સૂચનો દ્વારા યોગદાન આપ્યું. બધા અભ્યાસીઓને અહેસાસ થયો કે તેઓને લાભ થયો છે અને તેઓએ ખુશી અભિવ્યક્ત કરી. આવા જ પ્રકારના કાર્યક્રમનું આયોજન ગુલબર્ગા આશ્રમ ખાતે જૂન મહિનાના અંતમાં કરવામાં આવ્યું છે.



## ખરગપુર, પશ્ચિમ બંગાળ

પાંત્રીસ નવા અભ્યાસીઓ માટે 9મી માર્ચે ખરગપુર કેંન્દ્રમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ સામે લક્ષ્યને હાંસલ કરવાને પ્રાથમિકતા આપવાની જરૂરીયાત ઉપર ભાર મૂકતા માસ્ટરના પ્રવચનની વીડીઓ દર્શાવવામાં આવી હતી. અભ્યાસને લગતા વિવિધ શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. કેટલાક અભ્યાસીઓને તેઓ પોતાની દૈનીક સાધના કેવી રીતે કરે છે તેનું વર્ણન કરવા માટે કહેવામાં આવ્યું. એવું તારણ કાઢવામાં આવ્યું કે તેઓ સાચી રીતે પધ્ધતિને અનુસરતા ન હતા. ત્યાર બાદ તેઓને સાધનાની સાચી પધ્ધતિ ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું. "સહજ માર્ગનો અભ્યાસ" પુસ્તકમાંથી પ્રાર્થના, ધ્યાન અને સફાઈ વિષયો ઉપર બંગાળી અને અંગ્રેજીમાં વાચન કરવામાં આવ્યું અને તેનું હિંદીમાં ભાષાંતર પણ કરવામાં આવ્યું. બહેન ચંન્દ્રકાંતાએ પ્રાર્થના, ધ્યાન, સફાઈ, સત્સંગ, અને ભંડારા ઉપર હિંદીમાં રજૂઆત કરી. સત્રનું સમાપન ચા–નાસ્તાથી કરવામાં આવ્યું.

## નવી નીમણુંકો

**સેન્ટર–ઈન–ચાર્જ–ગોઆ**

**ભાઈ દત્તાપ્રસાદ વિનાયક ભોંસલે**

## નવા પ્રકાશનો





**અનંત તરફ**
તામિલ




**સહજ માર્ગ શું છે?**
મરાઠી




**વે કહતે હૈ–ભાગ 5–**હિન્દી



**મારા ગુરૂદેવ–ઓડિયો**
તેલુગુ



**સત્યનો ઉદય–ઓડિયો**
બંગાળી




**અનંત તરફ–ઓડિયો**
હિન્દી




**સહજમાર્ગ મિએન્ડરીંગસ્**
તામિલ, તેલુગુ, હિન્દી, મરાઠી, ગુજરાતી, કન્નડ અને મલયાલમ



**સત્યનો ઉદય–ઓડિયો**
મલયાલમ




**પોઈન્ટ ઓફ એટેન્શન**
ઈંગ્લીશ ડીવીડી




**ઈન્ડીયા ઈન ધ વેસ્ટ**
ઈંગ્લીશ ડીવીડી




**ઈન ટ્યુન વીથ નેચર**
ઈંગ્લીશ ડીવીડી

# પ્રકાશનું કેન્દ્ર

કુદરતનો પ્રથમ કાયદો અને છેલ્લો કાયદો “મારું કશુંજ નથી” છે, પણ જો હું દૈવી કૃપાને મારામાંથી વહેવા માટે પોલી નળી બની જાઉં, તો હું શાશ્વત બની જાઉં, કારણકે શાશ્વતતાને શાશ્વત નળીની જરૂર પડે છે જેના થકી તે સતત વહી શકે.

પી. રાજગોપાલાચારી, 6 સપ્ટેમ્બર, 1995, અલુવા

## કેરળનો ઝોનલ આશ્રમ, અલુવા.



અલુવા કેન્દ્રના સત્સંગનું સૌ પ્રથમ સ્થળ ભાઈ એમ.પી. મધુસુદનનું નિવાસસ્થાન હતું. જેમ સભ્યોની સંખ્યા વધતી ગઈ તેમ તેમના મકાનની ઉપરના પ્રથમ માળે ધ્યાન ખંડ બાંધવામાં આવ્યો અને તેનું ઉદઘાટન તે સમયના મીશનના મંત્રી ભાઈ સારનાડજી દ્વારા કરવામાં આવ્યું હતું.

માસ્ટરની કેરળની પ્રથમ મુલાકાત, 6ઠી સપ્ટેમ્બર, 1995ના રોજ થઈ હતી. અલુવાના મહાત્મા ગાંધી મ્યુનીસીપલ ટાઉન હોલ ખાતે ભવ્ય સમારોહ રાખવામાં આવ્યો હતો, જેમાં આશરે 800 અભ્યાસીઓએ હાજરી આપી હતી.

12મી જાન્યુઆરી 1996ના રોજ, નજીકના ગામ કડુન્મલૂર ખાતે જમીન ખરીદવાની મંજૂરી આપી. નીચાણવાળા ક્ષેત્રમાં બે એકરથી વધારે જમીન ખરીદવામાં આવી હતી. તેમાં લાલ માટીથી પૂરાણ કરવામાં આવ્યું હતું. અને તેને ફરતે દિવાલનું અને ઝાંપાનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આને “સહજ ગ્રામમ્” નામ આપવામાં આવ્યું હતું. સિત્તેર વીઘા જમીન આશ્રમ માટે ફાળવવામાં આવી અને બાકીની જમીનના પાંચ વીઘામાં પ્લોટ પાડવામાં આવ્યા હતા. 28 અભ્યાસીઓએ પ્રારંભિક કિંમત ચૂકવી અને તેમાંથી હાલમાં દસ પરિવારો પરિસરમાં રહે છે.

માસ્ટરે, કેન્દ્રની બીજી તેમની મુલાકાત દરમિયાન, 25મી ફેબ્રુઆરી 2001ના રોજ આશ્રમનું ઉદઘાટન કર્યું હતું. તે સમયે ઉપલબ્ધ સુવિધાઓમાં 5000 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતો ધ્યાન ખંડ, અને પહેલા માળની ત્રણ બાજુએ ત્રણ સમૂહ શયનાગાર, અને બીજા માળે



બે મોટી પાણીની ઓવરહેડ ટાંકીઓ હતી. માસ્ટરે કેટલાક પ્લોટ ખરીદવા માટે સૂચવ્યું હતું, અને આમ હાલમાં મીશન પાસે 1.14 એકર જમીન છે.

આગળના ભાગના દેખાવને કેરલ ઢબે સ્થાપત્ય સાથે બદલીને, આશ્રમનું નવીનીકરણ 2011માં કરવામાં આવ્યું હતું. અને ભારે વરસાદ તથા ભેજને ધ્યાનમાં રાખીને લોખંડનુ માળખુ તથા રંગીન એલ્યુમીનીયમ એલોયનું છાપરું ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. આ કામ 2012માં સંપન્ન થયું. નવીનીકરણ પામેલા આશ્રમનો વીડીઓ લેવામાં આવ્યો હતો અને માસ્ટરને માણપાક્કમ ખાતે દેખાડવામાં આવ્યો હતો જેને જોઈને તેમણે પ્રતિભાવ આપ્યો “અદભૂત!”

ભંડારાઓની વિકેંન્દ્રિત ઉજવણી, ઝોનલ સ્તરની સભા, તાલિમ કાર્યક્રમો, પ્રશિક્ષકોની સભાઓ વગેરે અહીંથી પ્રયોજીત થાય છે. આશ્રમને ઝોનલ હીસાબી મધ્યવર્તી કેન્દ્ર તરીકે અને એસ.એહ.પી.ટી. અને એસ.આર.સી.એમ.ના પ્રકાશનોના વિતરણ કેન્દ્ર તરીકે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. કેરળમાં મીશનની બધી જ કેંન્દ્રીય પ્રવૃત્તિઓનો બંદોબસ્ત અલુવા આશ્રમથી થાય છે.







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2014 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.